https://gujaratexclusive.in/edii-presented-the-largest-study-on-the-dynamics-of-the-field-of-entrepreneurship/

# કેટલા ટકા વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે ?

By **Exclusive Author**

December 22, 2021

- ***EDIIએ ઉદ્યોગસાહસિકતાનાં ક્ષેત્રની ગતિશીલતા પર સૌથી મોટો અભ્યાસ રજૂ કર્યો***
- ***ભારતમાં આશરે 45 ટકા ઉદ્યોગસાહસિકોએ નવી વ્યવસાયિક તકો અજમાવી હતી***
- ***22.5 ટકા ઉદ્યોગ સાહસિકોએ મહામારી દરમિયાન ઓનલાઇન ટ્રેડિંગમાં કામગીરી વધારી હતી***

**ગાંધીનગર:** કોવડિ-19 મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ હોવા છતાં 82 ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે. જોકે યુવા પેઢીમાં નષ્ફિળતાનો ડર પણ 1 ટકા વધ્યો છે એટલે કે વર્ષ 2019-20માં 56 ટકાથી વધીને 2020-21માં 57 ટકા થયો છે. તે જ રીતે ઉદ્યોગ સાહસકિતાના ઇરાદાની ટકાવારીમાં પણ ઘટાડો નોંધાયો હોવાનું અભ્યાસ દરમયિાન જાણવા મળ્યું છે.

2021: ધ ગ્લોબલ આંતરપ્રનિ્યોરશપિ મોનટિર (GEM) સર્વે દુનયિામાં ઉદ્યોગસાહસકિતાના ક્ષેત્રમાં થતી ગતશિીલતાનો સૌથી મોટો વાર્ષકિ અભ્યાસ છે. આંતરપ્રનિ્યોરશપિ ડેવલપમેન્ટ ઇન્સ્ટટિ્યૂટ ઓફ ઇન્ડયિા (EDII), અમદાવાદે નેશનલ ટીમ લીડર તરીકે અને રપિોર્ટના મુખ્ય લેખક તરીકે EDIIના ડરિેક્ટર જનરલ ડો. સુનલિ શુક્લા સાથે GEM ઇન્ડયિા સર્વે હાથ ધર્યો હતો.

ધ GEM ઇન્ડયિા 2020-21 રપિોર્ટ તાજેતરમાં બહાર પડ્યો હતો, જેમાં ભારતીયો વચ્ચે ઉદ્યોગસાહસકિતાના ચાવીરૂપ પાસાં સમજાવવામાં આવ્યાં છે. આ માટે ભારતીય ઉદ્યોગસાહસકિોના અભગિમો, કામગીરીઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. રપિોર્ટના તારણો નીતનિર્માતાઓને વર્તમાન અને સંભવતિ નીતઓિની સમીક્ષા કરવા માટે પાયો પૂરો પાડે છે. આ રપિોર્ટમાં 3,317 પુખ્તો અને રાષ્ટ્રીય સ્તરના નષ્ણિાતોના સેમ્પલ સર્વેનો ઉપયોગ થયો છે.

આંતરપ્રન્યિોરશપિ ડેવલપમેન્ટ ઇન્સ્ટટ્યિૂટ ઓફ ઇન્ડયિા (EDII) દ્વારા હાથ ધરવામાં આવેલા ઉદ્યોગસાહસકિતા પરના રાષ્ટ્રવ્યાપી સર્વમાં જાણકારી મળી છે કે, કોવડિ-19 મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ હોવા છતાં 82 ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે.

ધ ગ્લોબલ આંતરપ્રન્યિોરશપિ મોનટિર (GEM) રપિોર્ટ 2020-21 પણ જણાવે છે કે, 82 ટકા યુવાનો માને છે કે, તેઓ વ્યવસાય શરૂ કરવા પર્યાપ્ત કુશળતાઓ અને જાણકારી ધરાવે છે. 47 અર્થતંત્રોમાંથી ભારત સંબંધતિ તકો માટે ત્રીજું સ્થાન ધરાવે છે. રપિોર્ટ દેશમાં ઉદ્યોગ સાહસકિતાની સસ્ટિમ પર મહામારીની અસર પર ઉપયોગી જાણકારી પણ પ્રદાન કરે છે.

રપિોર્ટ મુજબ, યુવા પેઢીમાં નષ્ફિળતાનો ડર 1 ટકા વધ્યો છે એટલે કે વર્ષ 2019-20માં 56 ટકાથી વધીને 2020-21માં 57 ટકા થયો છે. વળી આ રપિોર્ટ એવું પણ સૂચવે છે કે, ઉદ્યોગ સાહસકિતાનો ઇરાદો વર્ષ 2019-20માં 33.3 ટકાથી ઘટીને 2020-21માં 20.31 ટકા થયો છે.

એ જ રીતે, ટોટલ અર્લી-સ્ટેજ આંતરપ્રન્યિોરયિલ એક્ટવિટિી (TEA)ને પણ મહામારીને કારણે માઠી અસર થઈ હતી અને 2020-21માં ઘટીને 5.32 ટકા થઈ હતી, જે અગાઉના વર્ષમાં 15 ટકા હતી.

નોંધપાત્ર બાબત એ છે કે, TEA 18થી 64 વર્ષની વયજૂથમાં વ્યક્તઓિની કુલ ટકાવારી છે, જેઓ પ્રાથમકિ તબક્કાના ઉદ્યોગસાહસકિો છે અથવા નવા વ્યવસાયોના માલકિો/મેનેજરો છે. ઉપરાંત તારણો જણાવે છે કે, મહામારીએ દેશમાં ઉદ્યોગસાહસકિતાની કુલ પ્રવૃત્તઓિને નકારાત્મક અસર કરી છે. જોકે યુવાન મહલિાઓમાં આ અસર વધારે થઈ છે. મહલિા ઉદ્યોગસાહસકિતાની પ્રવૃત્તઓિમાં 79

ટકા સુધીનો ઘટાડો થયો છે, તો પુરુષ ઉદ્યોગસાહસકિતાની પ્રવૃત્તિઓમાં 53 ટકાનો ઘટાડો થયો છે.

રિપોર્ટમાં એવો સંકેત પણ મળ્યો છે કે, મહામારીએ કુટુંબની આવક પર પણ માઠી અસર કરી હતી. ભારતમાં આશરે 44 ટકા યુવાનોનો મત છે કે, તેમની કુટુંબની આવકને મહામારીથી અસર થઈ છે.

રિપોર્ટમાં કેટલાંક ચાવીરૂપ નીતિગત સૂચનો પણ કરવામાં આવ્યાં છે, જે દેશમાં ઉદ્યોગસાહસકિતાની ઇકોસિસ્ટમને જાળવી રાખશે અને પ્રોત્સાહન આપશે. આ સૂચનોમાં સ્કૂલ અને કોલેજ સ્તરે ઉદ્યોગસાહસકિતાનું શિક્ષણ, સરકારનો બહોળો ટેકો, ઉદ્યોગસાહસકિતામાં સંશોધન અને નીતિગત સમર્થન તથા વ્યવસાયિક માર્ગદર્શકો મોટી સંખ્યામાં ઊભા કરવા જેવી બાબતો સામેલ છે.

GEM ઇન્ડિયાના ટીમ લીડર અને EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યુ હતું કે, “ઉદ્યોગસાહસકિતા સતત આર્થિક વૃદ્ધિ માટે ચાવીરૂપ પરિબળ બની ગયું છે અને રોજગારીની તકો ઊભી કરવાની પ્રચૂર સંભાવના ધરાવે છે. દેશની અંદર ઉદ્યોગસાહસકિતા માટેની માનસિકતા વિકસાવવી દુનિયાભરની સરકારો અને સમાજો માટે મુખ્ય ઉદ્દેશ બની ગયો છે.

ભારતીય સંદર્ભ અને એના સામાજિક-આર્થિક પડકારો તેમજ એની સાઇઝ અને સ્કોપના સંદર્ભમાં ઉદ્યોગસાહસકિતાના વિકાસ માટે સર્વાંગી અભિગમ દેશની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિમાં પરિવર્તન લાવી શકે છે.”

GEM ઇન્ડિયાના સભ્ય અને EDIIના ફેકલ્ટી ડો. અમિત દ્વિવેદીએ કહ્યું હતું કે, “GEM ઇન્ડિયા રિપોર્ટ 2020-21 શિક્ષાવિદો, સંશોધકો, નીતિનિર્માતાઓ અને વ્યવસાયિકોને વ્યાપક સ્તરે ઉદ્યોગસાહસકિતાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે આર્થિક વૃદ્ધિને વેગ આપવા ઉચિત કામગીરી કરવા મદદરૂપ થઈ શકે એવું ડેટા વિશ્લેષણ પ્રદાન કરે છે.”

GEM ઇન્ડિયાના સભ્ય અને EDIIના ફેકલ્ટી ડો. પંકજ ભારતી માને છે કે, મહામારીએ ભારત સહિત મોટા ભાગના દેશોમાં વ્યવસાય અને ઉદ્યોગસાહસકિતાને માઠી અસર કરી

છે, જેમાં ગયા વર્ષની સરખામણીમાં દેશમાં સક્ષમ પરબિડીો નબળાં પડ્યાં છે. જોકે તેમણે ભાર મૂક્યો હતો કે, તમામ પરબિળોને માઠી અસર થઈ નથી.